# :: પ્રેસનોટ ::

## "અલુણાવ્રત ઉજવણી નિમિત્તે આયોજીત મહેંદી અને ગોરમાગીત સ્પર્ધા"

સુરત મહાનગરપાલિકા દ્વારા "અલુણાવ્રત ઉજવણી" નિમિત્તે નીચે મુજબની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે.

| ક્રમ | તારીખ/વાર | સમય | સ્પર્ધા | વિભાગ | સ્થળ | પ્રવેશફોર્મ સ્વીકારવાની અંતિમ તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૦૫/૦૭/૨૦૨૫ શનિવાર | બપોરે ૧૨.૦૦ કલાકથી | મહેંદી સ્પર્ધા | ખુલ્લો વિભાગ (૨૧ થી ૪૦ વર્ષ) | રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ, આશાપુરી માતાના મંદિર પાસે, રૂસ્તમપુરા, સુરત | ૨૭/૦૬/૨૦૨૫ શુક્રવાર |
| ૨ | ૦૯/૦૭/૨૦૨૫ બુધવાર | સવારે ૧૧.૦૦ કલાકથી | ગોરમાગીત સ્પર્ધા | પ્રાથમિક (ધો.૪ થી ૮) | પરફોર્મિંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત | ૩૦/૦૬/૨૦૨૫ સોમવાર |

મહેંદી સ્પર્ધાના ખુલ્લા વિભાગમાં ૨૧ થી ૪૦ વર્ષની સુરત શહેરની મહિલાઓ ભાગ લઈ શકશે તથા ગોરમાગીત સ્પર્ધામાં શહેરની પ્રાથમિક શાળાઓની વિદ્યાર્થીનીઓ/કન્યાઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં. ૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી પ્રવેશપત્ર સાથે જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ અથવા અન્ય ઉંમરના પુરાવાની સર્ટીફાઈડ કોપી સહિત પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી સ્પર્ધામાં ભાગ લેવા બાબતની પ્રેસનોટ, નિયમો અને પ્રવેશ ફોર્મ મળી શકશે. પ્રવેશફોર્મ સ્વીકારવાનો સમય ઉપરોકત અંતિમ તારીખે સાંજે ૫.૦૦ કલાક સુધીનો રહેશે.

સમાચારયાદી નં.૧૨૬, તા.૨૦/૦૬/૨૦૨૫, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# સુરત મહાનગરપાલિકા

## મહેંદી સ્પર્ધાનું પ્રવેશપત્ર

## ખુલ્લો વિભાગ(૨૧ થી ૪૦ વર્ષ)

૧. સ્પર્ધકનું નામ :–

૨. સરનામું :–

૩. ટેલીફોન નંબર/મોબાઈલ નંબર :–

૪. જન્મ તારીખ :–

તા.૦૧/૦૭/૨૦૨૫ના રોજ પૂરી થતી ઉંમર :– વર્ષ : માસ : દિવસ :

આ સાથે મહેંદી સ્પર્ધાના તમામ નિયમો મેં વાંચ્યા છે. જે મને બંધનકર્તા છે. નિર્ણાયકોનો નિર્ણય મને માન્ય રહેશે.

તા. / /૨૦૨૫.

.........................................................

સ્પર્ધકની સહી.

.......................................................................................................................

## પહોંચ

### સુરત મહાનગરપાલિકા આયોજીત ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધા

નામ....................................................................

તા. /૦૬/૨૦૨૫.

ઈ.ચા.સેકશન ઓફિસર,
સાંસ્કૃતિક વિભાગ.

**નોંધ :–** રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ, આશાપુરી માતાના મંદિર પાસે, રૂસ્તમપુરા, સુરત ખાતે યોજાનાર મહેંદી સ્પર્ધામાં **આ પહોંચ તથા ફોટા સાથેનું ઓળખપત્ર વગર ભાગ લઈ શકાશે નહિં.**

# સુરત મહાનગરપાલિકા

## મહેંદી સ્પર્ધાના નિયમો

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા ખુલ્લો વિભાગ(૨૧ થી ૪૦ વર્ષ)ની મહેંદી સ્પર્ધાનું આયોજન તા.૦૫/૦૭/૨૦૨૫ને શનિવારના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ, આશાપુરી માતાના મંદિર પાસે, રૂસ્તમપુરા, સુરત ખાતે કરવામાં આવેલ છે.

૧. **સ્પર્ધામાં સુરત શહેર વિસ્તારમાં રહેતી ૨૧ થી ૪૦ વર્ષની યુવતીઓ તેમજ મહિલાઓ ભાગ લઈ શકશે. ૪૦ વર્ષથી ઉપરની મહિલાઓ ભાગ લઈ શકશે નહિ.**

૨. **<u>તા.૦૧.૦૭.૨૦૨૫</u>** ના રોજ પૂરી થતી વય મુજબ સ્પર્ધકોની ઉંમર ગણાશે.

૩. સ્પર્ધકોની ઉંમરના પુરાવા તરીકે જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીની અથવા અન્ય પુરાવાની સર્ટીફાઈડ કોપી રજુ કરવાની રહેશે.

૪. સ્પર્ધકોએ સ્પર્ધા સ્થળે પ્રવેશ માટે ફરજીયાતપણે પ્રવેશપત્રની પહોંચ અને ફોટો આઈ.ડી. રજુ કરવાનું રહેશે. અન્યથા તેઓ સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં.

૫. **ભાગ લેનાર સ્પર્ધકે પોતાના હાથ પર જ મહેંદી મુકવાની રહેશે. અન્યના હાથ પર મહેંદી મુકેલ સ્પર્ધક સ્પર્ધા માટે માન્ય ગણાશે નહીં.**

૬. સ્પર્ધાનો સમય ૧.૦૦ કલાકનો રહેશે. સ્પર્ધામાં મહેંદીના કોન સ્પર્ધકે પોતે લાવવાના રહેશે.

૭. મહેંદીની ડીઝાઈન સ્પર્ધાના સમય દરમ્યાન જ કરવાની રહેશે. અગાઉથી કરેલી ડીઝાઈન માન્ય રખાશે નહી, તેમજ કોઈપણ સાહિત્યનો ઉપયોગ કરીને મહેંદીની ડીઝાઈન મૂકી શકાશે નહિં. જો આવું ધ્યાન પર આવશે, તો એન્ટ્રી રદ ગણાશે.

૮. સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોએ સ્પર્ધાના સ્થળે પોતાના ખર્ચે નકકી કરેલા સમયે હાજર થવાનું રહેશે. **૧૫ મિનીટથી મોડા આવનાર સ્પર્ધકોને સ્પર્ધામાં પ્રવેશ આપવામાં આવશે નહિં.**

૯. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકોએ સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતે તથા સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ <u>www.suratmunicipal.gov.in/information/news</u> વેબસાઈટ પરથી પ્રવેશપત્રો મેળવી ઉંમરના પુરાવા સાથે **<u>તા.૨૭/૦૬/૨૦૨૫</u>** સુધીમાં જમા કરાવવાના રહેશે. ત્યાર બાદ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિં.

૧૦. સ્પર્ધા અંગે નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી ગણાશે, જે અંગે કોઈ વાદ વિવાદ કે તકરાર ચાલશે નહિં.

૧૧. સ્પર્ધા અંગેની તમામ બાબતોમાં મ્યુ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને તમામને માટે બંધનકર્તા રહેશે.

Sd/-xxx
આસી.મ્યુનિ.કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

**નોંધ:–** ભરેલા પ્રવેશપત્રો સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતે **તા.૨૭/૦૬/૨૦૨૫, સાંજે ૫.૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.** ત્યારબાદ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. સ્પર્ધકે રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ, આશાપુરી માતાના મંદિર પાસે, રૂસ્તમપુરા, સુરત ખાતે હાજર થવાનું રહેશે. વધુ માહિતી માટે સાંસ્કૃતિક વિભાગ ટે.નં.૨૪૨૩૭૫૧–૨૭૯નો સંપર્ક કરવો.

# સુરત મહાનગરપાલિકા
## ગોરમાગીત સ્પર્ધાનું પ્રવેશપત્ર
## (પ્રાથમિક વિભાગ–ધો.૪ થી ૮)

૧. શાળાનું નામ અને સરનામું :–

૨. શાળા/સંસ્થાના હોદ્દેદારો કે જવાબદાર વ્યકિતનું નામ–સરનામું (ફોન નંબર–મોબાઈલ નંબર સહિત) :–

૩. સ્પર્ધામાં ભાગ લેનારની વિગત

| ક્રમ | સ્પર્ધકોના નામ | જન્મતારીખ | ધોરણ |
|---|---|---|---|
| ૧. | | | |
| ૨. | | | |
| ૩. | | | |
| ૪. | | | |
| ૫. | | | |
| ૬. | | | |

૪. હરિફાઈ માટે પસંદ કરેલ કૃતિની વિગત :–
(કૃતિની ૨ નકલ અલગ કાગળમાં રજુ કરવાની રહેશે.)

૫. સાથ સંગત સાથેના વાદ્યનું નામ :–

ગોરમાગીત સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રવેશફોર્મ સાથે સામેલ નિયમો અમે વાંચ્યા છે, અને તે અમને કબુલમંજુર અને બંધનકર્તા રહેશે.

તા. / /૨૦૨૫.

.......................................
આચાર્યશ્રીના સહી/સિક્કા.

# સુરત મહાનગરપાલિકા
## ગોરમાગીત સ્પર્ધાના નિયમો
## (પ્રાથમિક વિભાગ–ધો.૪ થી ૮)

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા ગોરમાગીત સ્પર્ધાનું આયોજન તા.૦૯/૦૭/૨૦૨૫ને બુધવારના રોજ પરફોર્મિંગ આર્ટ સેન્ટર ઓડિટોરિયમ, ડો. વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત ખાતે સવારે ૧૧:૦૦ કલાકે ખાતે કરવામાં આવેલ છે.

૧. આ સ્પર્ધામાં સુરત શહેર હદ વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાઓની ધો.૪ થી ૮માં અભ્યાસ કરતી ૯ થી ૧૩ વર્ષની વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે.

૨. એક શાળામાંથી ૬ (છ) વિદ્યાર્થીનીઓનું એક જ ગાયક વૃંદ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. ગીત વ્યક્તિગત રીતે રજુ નહિં કરતાં સમુહમાં રજુ કરવાનું રહેશે.

૩. તા.૦૧/૦૭/૨૦૨૫ના રોજ થતી ઉંમર મુજબ હરીફોની ઉંમર ધ્યાનમાં લેવામાં આવશે. હરીફોની ઉંમરના પુરાવા તરીકે પ્રવેશ ફોર્મમાં શાળાના આચાર્યશ્રીએ ઉંમર અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૪. પ્રવેશ ફોર્મ સાથે પસંદ કરેલ ગીતની કૃતિ શાળાના લેટરપેડ પર જ આચાર્યશ્રીના સહી સિક્કા સહિત બે નકલમાં સામેલ કરવાની રહેશે.

૫. ગોરમાના ગીત સિવાયના ગીતની કૃતિ હશે, તો તે શાળા સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં.

૬. ગીતની કૃતિ ગુજરાતી અથવા હિંદી ભાષામાં હોવી જોઈએ. **કૃતિની સમય મર્યાદા ૫(પાંચ) મીનીટની રહેશે.**

૭. સાથ સંગતમાં વધુમાં વધુ ચાર વાજીંત્રોનો ઉપયોગ કરી શકાશે.

૮. સ્પર્ધામાં ભાગ લેનાર હરિફોએ સ્પર્ધાના સ્થળે પોતાના ખર્ચે નકકી કરેલા સમયે હાજર થવાનું રહેશે. મોડા આવનાર સ્પર્ધકોને સ્પર્ધામાં પ્રવેશ આપવામાં આવશે નહિ.

૯. સ્પર્ધા અંગે નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી ગણાશે, જે અંગે કોઈ વાદ વિવાદ કે તકરાર ચાલશે નહિં.

૧૦. સ્પર્ધા અંગેની તમામ બાબતોમાં મ્યુનિ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને તે તમામને માટે બંધનકર્તા રહેશે.

Sd/-xxx
આસી.મ્યુનિ.કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

**નોંધ :** ભરેલા પ્રવેશપત્રો સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતે **તા.૩૦/૦૬/૨૦૨૫ સુધી સ્વીકારવામાં આવશે.** ત્યારબાદ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. સ્પર્ધકે સ્પર્ધા સ્થળ પરફોર્મિંગ આર્ટ સેન્ટર ઓડિટોરિયમ, ડો. વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત ખાતે સમયસર હાજર થવાનું રહેશે. વધુ માહિતી માટે સાંસ્કૃતિક વિભાગ ટે.નં.૨૪૨૩૭૫૧–૨૭૯નો સંપર્ક કરવો.